C. S. (Main) Exam : 2011

D-DTN-L-HVB

GUJARATI

Paper II

(Literature)

Time Allowed : Three Hours | *Maximum Marks : 300*

INSTRUCTIONS

Candidates should attempt questions 1 and 5 which are compulsory, and any THREE of the remaining questions, selecting at least ONE question from each Section.

The number of marks carried by each question is indicated at the end of the question.

Answers must be written in Gujarati.

SECTION A

1. નીચે આપેલ ચારેય કૃતિ-અંશોનું સંદર્ભમૂલ્ય સમજાવો. *15×4=60*

(a) કેસૂયકલી અતિ વાંકુડી આંકુડી મયણચી જાણિ
વિરહિણીનાં ઇણિ કાલિ જ કાલિજ કાઢએ તાણિ.

(b) દુઃખ દારુણ પ્રકટયું છે દેહ નારી સાથે લાગ્યો નેહ
અહો મહારાજ સદા શિવ સાર તું છે નોધારો આધાર.

Optional Province · optionalprovince.com

(c) પ્રેમ અને સત્ય એ બંને અંશો એક જ ઈશના તથાપિ કેમ દેખાતા વિરોધી માર્ગ તેહના ?

(d) ઘટે છે શું દેવી ! હૃદય પર આ નિર્દય થવું ? અરેરે ! આ આવું પ્રબલ દુઃખ મારે ક્યહિ જવું ?

2. નીચેના વિશે સમીક્ષાત્મક દૃષ્ટિથી ચર્ચા કરો. *20×3=60*

(a) 'અખેગીતા'માં 'અદ્વૈત'નું નિરુપણ

(b) 'પૂર્વાલાપ'નાં ખંડકાવ્યોમાં માનવનિર્યાતનું આલેખન

(c) 'ચન્દ્ર-ચન્દ્રાવતીની વારતા'ના ફલિતાર્થો જણાવો

3. દૃષ્ટાંત સાથે વિવેચનાત્મક નોંધ લખો : *30×2=60*

(a) સરસ્વતીચંદ્ર-૧ માં સંસ્કૃતિ-સમન્વય

(b) 'ફાર્બસવિરહ'નું કરુણ પ્રશસ્તિકાવ્ય તરીકે મૂલ્ય

4. નીચેના પ્રશ્નોને કૃતિના મર્મ સંદર્ભે સમજાવો. *15×4=60*

(a) 'રાઇનો પર્વત' — શીર્ષકમાં રહેલા સૂચિતાર્થો

(b) 'કાદમ્બરી'માં ભાલણનું ભાષાપ્રભુત્વ

(c) 'વસંતવિલાસ'માં પ્રણયસન્દર્ભે પ્રકૃતિના સંકેતો

(d) સુદામા ચરિત્ર — ભક્તિકાવ્ય કે મૈત્રીકાવ્ય ?

Optional Province · optionalprovince.com

SECTION B

5. નીચે આપેલ ચારેય અંશોનું સંદર્ભ મૂલ્ય સમજાવો. *15×4=60*

(a) 'કાળના પાડનાર ભગવાન, તારું મૂળ જજો તેં માનવીની આ દશા કરી ?'

(b) સ્વરાજ તો આપણા મનનું રાજ્ય છે, તેની ચાવી, સત્યાગ્રહ, આત્મબળ કે દયાબળ છે.

(c) કોકડું છે પણ રેશમનું એનું ઝીણું વણાય દુકૂલ.

(d) 'કવિતા આત્માની માતૃભાષા ...'

6. ઉદાહરણો સાથે વિવરણ કરો : *30×2=60*

(a) 'પ્રેમાનંદનાં આખ્યાનોમાં રસનિરુપણ વિશે વિવિધ વિવેચકોનાં નિરીક્ષણો.

(b) 'ધ્વનિ' કાવ્યસંચયમાં ગામ-સીમ-વગડાનું વર્ણન.

7. (a) જાનપદી નવલકથા તરીકે 'માનવીની ભવાઇ' ના વિશેષો તારવો.

(b) કવિતાનાં ઘટકો વિશે રા.વિ. પાઠકના વિચારો. *30×2=60*

Optional Province · optionalprovince.com

8. ટૂંક નોધ લખો. *15×4=60*

(a) સૌરાષ્ટ્રની રસધાર–૧ માં નારી-સંવેદના

(b) 'હિંદસ્વરાજ'માં ગાંધીજીનું હિંદ દર્શન

(c) 'જનાન્તિકે'ના નિબંધોમાં કલ્યન–સમૃદ્ધિ

(d) 'પંખીલોક'નું ભાવકેન્દ્ર

Optional Province · optionalprovince.com